GJVD022082552025

**ક્રિ.કેસ. નં. ૧૯૨૭૪૪/૨૦૨૫**

**મે. વડોદરાના જ્યુડી મેજી. ફર્સ્ટ કલાસ (શ્રી શિપ્રા સ્યાલ) સાહેબની કોર્ટ**

**આંક:-**

**ફરીયાદી :-** શ્રી સરકાર....

**વિરુધ્ધ**

**આરોપી :-** ઈરફાન પ્યારેસાહબ રાજ
રહે. મ.નં.બી/૬૮, બિસ્મિલ્લા પાર્ક સોસાયટી, મધુનગર
બ્રિજ પાસે, ગોરવા, વડોદરા

**ગુન્હો :-** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ.

**-::ઠરાવ::-**

(૧) ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આ કામના તહોમતદારનાએ તા.૨૩/૧૦/૨૦૨૫ના કલાક-૦૩/૦૮ વાગે મોજે. બિસ્મિલ્લા પાર્ક, મધુનગર પાસે, ગોરવા જાહેરમાં વગર પાસ પરમીટે દારુ જેવા કેફી પીણાનો નશો કરેલ હાલતમા મળી આવી પકડાઇ જઇ, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ હોઈ તે અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ

હવે પછી આવી ભુલ નહીં કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામા આવેલ છે.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૬(૧)(બી) મુજબના ગુનાનો તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તેમજ આરોપીની રજૂઆત ધ્યાને લેતાં આરોપી ગરીબ વર્ગનો માણસ જણાય છે. આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાતરી આપે છે. તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોવાનું જણાય છે. તે તમામ સંજોગો જોતાં આરોપી આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતો હોવાનું તેમજ પોતાના કરેલ ગુના માટે તેને પસ્તાવો થયેલ હોવાનું જણાચી આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરમાવું છું.

***<u>– : : હુકમ : : –</u>***

આ કામના આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૭૫ અન્વયે તેની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)** દંડ અને દંડની રકમ ના ભરે તો દિન–૦૨ (બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૪મી, માહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :વડોદરા

**(શિપ્રા સ્યાલ)**
૭માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ
કલાસ, વડોદરા.
(GJ-01724)

*m n vankar guj. stenó*